## પ્રકરણ : ૬

# વેદાન્તનાં ઉપનિષદોમાં નીતિવિષયક ચિંતન :-

ઉપનિષદોના નીતિવિષયક પ્રશ્નોનું સમીક્ષણ કરવું અહીં અયોગ્ય નહિ લેખાય, કારણ કે તે એક બાજુ વેદાન્ત અને બીજી બાજુ રહસ્યવાદથી સંબંધિત છે. વેદાન્ત અને નીતિના સંબંધનો પ્રશ્ન અત્યંત વિવાદાસ્પદ રહ્યો છે. અને નીતિ અને રહસ્યવાદના સંબંધનો પ્રશ્ન પણ ઓછો મહત્ત્વપૂર્ણ નથી. મનુષ્યના સર્વાંગીણ માનસિક વિકાસની વિવેચનામાં વેદાન્ત અને નીતિ બંનેમાંથી કોને પ્રથમ સ્થાન મળવું જોઈએ તે નક્કી કરવું મુશ્કેલ છે. તે રીતે એ પણ નક્કી કરવું મુશ્કેલ છે કે મનુષ્યના માનસિક વિકાસમાં નીતિ અને રહસ્યવાદ બંનેમાં કોનું સ્થાન અત્યંત મહત્ત્વપૂર્ણ છે. જયારે આપણે મનુષ્યના સર્વાંગીણ માનસિક વિકાસના પૂર્ણ ક્ષેત્ર વિશે વિચાર કરીશું તો જાણવા મળશે કે મનુષ્યની પરમ માનસિક ઉન્નતિ માટે પ્રજ્ઞાત્મક તત્ત્વને નૈતિક તત્ત્વથી અને નૈતિક તત્વને રહસ્યાત્મક તત્ત્વથી જુદું કરવું અસંભવ છે.

સંક્ષેપમાં, વેદાન્ત, નીતિ અને રહસ્યવાદ મનુષ્યના પરમ આધ્યાત્મિક વિકાસની આયોજનમાં આ રીતે જુદા પાડી શકાશે નહિ. જેવી રીતે મનુષ્યના પરમ માનસિક વિકાસ માટે બુદ્ધિ, સંકલ્પ અને ભાવનાને અલગ-અલગ ન કરી શકાય. પરંતુ, તેની વેદાન્તિક સ્થિતિ તથા ચરમ રહસ્યાત્મક અનુભૂતિની સંયોજક શૃંખલાની દૃષ્ટિથી ઉપનિષદોના નીતિવિષયક પ્રશ્ન પર વિચાર કરવો આવશ્યક છે.

ઉપનિષદોમાં આપણને મોટેભાગે સઘળાં મહત્ત્વપૂર્ણ જીવનવિષયક પ્રશ્નોની મીમાંસા પ્રાપ્ત થાય છે. કેટલાક પ્રશ્નોની પર્યેષણાનો તો આજના નીતિશાસ્ત્રના વિદ્વાનો પણ લાભ ઉઠાવે છે. કારણકે ઉપનિષદકારોની તે વિચારણા આત્માનુભવના શાશ્વત સત્યો પર આધારિત છે.

ઉપનિષદોમાં નીતિ-પ્રામાણ્યવાદનો સિદ્ધાંત પણ જોવા મળે છે. મનુષ્ય સમાજમાં બીજાના આચારના પ્રસંગને જ પ્રમાણ માને છે.

**यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः ।**

**स यत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्तते ॥**

ભગવદ્ગીતા-૩-૨૧.

શ્રેષ્ઠ મનુષ્ય જે જે આચરણ કરે તેનું અનુકરણ બીજા (સામાન્ય) લોકો કરે છે. શ્રેષ્ઠ મનુષ્યો જેને પ્રમાણભૂત બનાવે છે તે અનુસાર લોકો વર્તે છે. આપણી અપેક્ષા નૈતિક આચારના નિયમાનુસાર હોય છે. અજ્ઞાનને કારણે મનુષ્ય પોતાના માટે નૈતિક માર્ગનો નિર્ણય કરવામાં સમર્થ ન થાય તો તેને સંસ્કૃત (શિષ્ટ) આચારવાળા મનુષ્યની સંમતિને નૈતિક આચાર માનવો જોઇએ. બીજી બાજુ આપણે સહેજ ગંભીર દષ્ટિથી જોઇશું તો જણાશે કે લોકમત અને રાષ્ટ્રમત સ્વયં મહાપુરુષોના આચાર સિદ્ધાન્તો પર આધારિત છે. લોક અને રાષ્ટ્રની જેમ નીતિ જગતમાં પણ એક પ્રકારનું અલ્પજન સત્તાત્મક રાજયતંત્ર (oligarchy)છે.

છતાં, આપણા નૈતિક આચરણના સિદ્ધાન્તોનો ઉદ્ભવ સંપૂર્ણ રીતે મનુષ્યના અંતઃકરણમાં જ થવો જોઇએ, એમ માનવું યથાર્થ ગણાશે.

ઉપનિષદોના નૈતિક સિદ્ધાન્તો વિશે વિદ્વાનોમાં ઠીક ઠીક વિવાદ છે. કેટલાક વિદ્વાનોના મતે ઉપનિષદોમાં નૈતિક સિદ્ધાન્તનું સ્થાન નહિવત્ છે. અથવા તો તેમાંથી હિતસૂત્રોમાં નૈતિક મૂલ્યો ઉવેખાયાં છે. પ્રો. કીથ લખે છે :

"The ethical content of the Upanishads must be said to be negligible and valueless."[1]

ઉપનિષદોમાં "Love thy neighbour" જેવાં રોજબરોજની જિન્દગીમાં ઉપયોગી એવાં નીતિવચનો જોવા મળતાં નથી. અને તેથી ઉપનિષદોના તત્ત્વચિંતનમાં નૈતિક સિદ્ધાન્તોની ઉપેક્ષા થઇ છે, આવો એક પ્રચલિત મત છે. પરન્તુ ઉપનિષદોમાં નિરૂપણ પામેલા તત્ત્વચિંતનનું પરીક્ષણ કરતાં જણાશે કે આ મત આધાર વગરનો છે. એ વાત સાચી છે. કે Love thy neighbour જેવાં નીતિમત્તાનું પ્રતિપાદન કરતાં સીધાં વાક્યો ઉપનિષદોમાં જૂજ છે પરન્તુ **सर्वं खलु इदम् ब्रह्म** માં ખૂબ ગહન નીતિમત્તાનો સિદ્ધાન્ત વિલસી રહ્યો છે. તે સમજવું મુશ્કેલ નથી. વિશ્વના બ્રહ્મ તત્ત્વ સાથે વ્યક્તિના આત્મ તત્ત્વનું અદ્વૈત સધાતાં નીતિમત્તાનું પણ સર્વોચ્ચ શિખર સર થાય છે. કારણ કે વ્યક્તિથી કશું ભિન્ન છે જ નહિ, તેથી તેનું વર્તન પણ તે જ પ્રકારનું રહેશે.

વિન્ટરનિટ્ઝ લખે છે :

Moreover we should not ignore the fact that the metaphysical doctrine of Ātman, for whose sake the love of our fellow creaturess involves a deep ethical idea.[2]

ભારતીય ફિલસૂફીના ઊંડા અભ્યાસી પ્રો. હ્યુમ જેવાઓએ પણ ઉપનિષદોના નૈતિક સિદ્ધાંતો વિશે કેટલાંક ગેરસમજભર્યાં વિધાનો કર્યાં છે. તેઓ કૌષીતકિ ઉપનિષદના નીચેના ફકરાને ટાંકે છે :

**स यो मां वेद न ह वै तस्य केन चन कर्मणा लोको मीयते । न स्तेयेन न भ्रूणहत्यया न मातृवधेन न पितृवधेन नास्य पापं चन चकृषो मुखं नीलं वेतीति ।** (કૌષીતકિ ૩-૧) હ્યુમ આ ફકરા વિશે લખે છે, "આ નૈતિક સિદ્ધાન્તની સરખામણી સોક્રેટિસના જ્ઞાન અને સદ્ગુણની એકરૂપતાના સિદ્ધાંત સાથે કરવામાં આવી છે. પણ ઉપનિષદના આ સિદ્ધાંત અને ગ્રીક વિચારકોનો સિદ્ધાંત કે "જ્ઞાનનું પરિણામ સદ્ગુણી જીવન હોય છે." વચ્ચે મોટો તફાવત છે. અહીં આ આધ્યાત્મિક જ્ઞાન જેની પાસે હોય તે ભૂતકાળનાં બધા પાપ નાશ કરે છે અને જ્ઞાતાને નિર્લજ્જપણે ઉદ્ધતાઈપૂર્વક દેખીતો અનાચાર કરવાની રજા પણ આપે છે." અહીં એક વાત વિસરાઈ ગઈ છે કે ઉપનિષદોનું જ્ઞાન એ કોઈ આધ્યાત્મિક વિવેચનશક્તિ કે વિવાદશક્તિની સૂક્ષ્મતા નથી પણ પરમતત્ત્વનો સાક્ષાત્કાર છે અને એ સાક્ષાત્કાર જ હૃદયથી શુદ્ધ હોય તેમને જ થાય. એટલે કૌષીતકિ ઉપનિષદ જેવાના આધારે હ્યુમ આ પ્રમાણેની ઉપનિષદોનાં નૈતિક મૂલ્યોની ટીકા કરે છે. બૃહદારણ્યકમાં પણ કૌષીતકિ ઉપનિષદના આ ખંડ સાથે ગાઢ સમાનતા ધરાવતો આવો જ ફકરો આવે છે :

**अत्र स्तेनोऽस्तेनो भवति भ्रूणहाऽभ्रूणहा चाण्डालोऽचाण्डालः पौल्कसोऽपौल्कसः श्रमणोऽश्रमणस्तापसोऽतापसोऽनन्वागतं पुण्येनानन्वागतं पापेन, तीर्णो हि तदा सर्वाञ्छोकान्हृदयस्य भवति ।**

બૃહદારણ્ય ઉપનિષદ ૪-૩-૨૨

અહીં ચોર ચોર મટી જાય છે, ભ્રૂણ હત્યા કરનારો પાપી રહેતો નથી, ચાંડાલ અચાંડાલ બની જાય છે, પૌલ્કસ અપૌલ્કસ બને છે (શુદ્ર દ્વારા ક્ષત્રિય સ્ત્રીથી ઉત્પન્ન થયેલો = પૌલ્કસ) શ્રમણ અશ્રમણ બની જાય છે. વાનપ્રસ્થ અવાનપ્રસ્થ બને છે. પુણ્યથી પણ તે જોડાયેલો નથી કે નથી પાપથી જોડાયેલો રહેતો. આ રીતે હૃદયના સર્વ શોકોને તરી જાય છે.

છેવટે એમ કહેવું પર્યાપ્ત થશે કે આવા મુક્ત પુરુષો કે જેમણે બ્રહ્મનો સાક્ષાત્કાર કર્યો છે, તેઓ અનૈતિક કર્યું કરી શકતા નથી. અનૈતિક આચરણ કરવાની તેમની કોઈ ભૂમિકા નથી. એક પળ માટે માની લઈએ કે કૌષીતકિ ઉપનિષદ (અને બૃહદારણ્યક ઉપનિષદ) કહે છે તેમ તે ચોરી, ભ્રૂણહત્યા, માતૃવધ કે પિતૃવધ કરે છે તો પ્રશ્ન એ થાય છે કે શા માટે બ્રહ્મનું જેને જ્ઞાન થયું છે તે ચોરી, ભ્રૂણહત્યા, માતૃવધ કે પિતૃવધ કરે ? એવા તે કયા સંજોગો બ્રહ્મજ્ઞાનીને તેમ કરવાની ફરજ પાડે ? આપણે જાણીએ છીએ કે આવા કૃત્યો માણસ અમુક સંજોગોના

દબાણ હેઠળ અથવા કોઇ લાભ માટે અથવા કોઇ આફતમાંથી પોતાની જાતને બચાવવા માટે કરતો હોય છે. વ્યક્તિને ભ્રૂણહત્યા શા માટે કરવી પડે ? તો દેખીતો જવાબ છે કે કામવાસનાથી પ્રેરાઇને થઇ ગયેલી પોતાના કૃત્યની જવાબદારીમાંથી છટકવા માટે તે વ્યક્તિ આવું પગલું ભરે તો બ્રહ્મચારી સૌ પ્રથમ તો આવી કોઇ કામવાસનાથી પ્રેરાય જ નહિ અથવા તો બ્રહ્મજ્ઞાની આવી કોઇ જવાબદારીમાંથી છટકવાનો પ્રયત્ન કરે જ નહિ એટલે એ વાત બ્રહ્મજ્ઞાનીને લાગુ પડતી નથી. બીજું ઉદાહરણ લઇએ તો માણસ ચોરી શા માટે કરે ? પોતે કોઇની સંપત્તિ લઇ લેવા ઇચ્છતો હોય અથવા પોતાની દરિદ્રતાનું દુઃખ દૂર કરવા ચોરી કરે. બ્રહ્મજ્ઞાનીને કોઇની સંપત્તિ લઇ લેવાની ઇચ્છા થાય એમ માનવું બેહૂદું છે અને દરિદ્રતાનું દુઃખ તેને રહે એ પણ માની શકાય એવી વાત નથી. આમ, બ્રહ્મજ્ઞાની ચોરી કરી શકે તે માની શકાય તેવી વાત નથી. આ જ રીતે કૌષીતકિ ઉપનિષદ કે બૃહદારણ્યક ઉપનિષદમાં જ જણાવેલી બધી પરિસ્થિતિઓ વિશે આવું વિચારી શકાએ.

ઉપર્યુક્ત ચર્ચા પરથી આપણે કહી શકીએ કે હ્યુમ જેવાનું જે તારણ છે તે યથાર્થ નથી. કારણકે હ્યુમ જેવા વિદ્વાનો જ્યારે કૌષીતકિ ઉપનિષદના આવા સિદ્ધાંતની ટીકા કરે ત્યારે એ વાત ભૂલી જાય છે કે અહીં ઉપનિષદોનું આધ્યાત્મિક જ્ઞાન એ કોઇ તર્ક કે વિવાદની ભૂમિકાવાળી મીમાંસા નથી. એ તો પરમતત્ત્વનો સાક્ષાત્કાર છે. અને એ સાક્ષાત્કાર જે હૃદયથી શુદ્ધ હોય તેને જ થાય છે. એ પરમતત્ત્વની અનુભૂતિની વાત છે. એને તર્કના એરણે ચઢાવી શકાય નહિ.

આમ, નૈતિક મૂલ્યો પર ઉપનિષદોની તત્ત્વવિચારણામાં ભાર મૂકાયો નથી અથવા તો કેટલાક સિદ્ધાંતો નૈતિક દૃષ્ટિએ હાનિકારક છે એવા વિદેશીઓના અભિપ્રાયો ઉપનિષદોનાં ગેરસમજનાં પરિણામ છે.

આમ, આપણા અભ્યાસના વિષય વેદાન્ત વિષયક ઉપનિષદોમાં પણ નૈતિકતાના મૂલ્યો નિરૂપાયેલાં જોવા મળે છે.

સ્કન્દોપનિષદમાં જીવ અને બ્રહ્મના અભેદની કલ્પના કરે છે.

जीवः शिवः शिवो जीवः स जीवः केवलः शिवः

तुषेण बद्धो व्रीहिः स्यात् तुषाभावेन तण्डुलः ।

एवं बद्धस्तथा जीवः कर्मनाशे सदाशिवः

पाशबद्धस्तथा जीवः पाशमुक्तः सदाशिवः ॥ સ્કન્દ-૬-૭.

જીવ શિવ છે અને શિવ જીવ છે. ફોતરામાં રહેલો ચોખો ડાંગર કહેવાય છે અને તે જ ફોતરામાંથી છૂટો પડતાં ચોખો કહેવાય છે. જીવ જ્યાં સુધી બંધનમાં રહેલો છે ત્યાં સુધી જીવ છે અને બંધનમાંથી છૂટો પડતાં સદાશિવ બને છે. ટૂંકમાં, આત્મા અને પરમાત્મામાં કંઈજ ભેદ નથી. એ વાત સાચી, પણ સ્કન્દોપનિષદ આ જીવ અને શિવના અભેદને પ્રાપ્ત કરવાનો જે ઉપાય બતાવે છે તે ઉચ્ચ કોટિની નૈતિકતાનો માર્ગ છે એમ પ્રતીત થયા વગર રહેતું નથી. સ્કન્દોપનિષદ પ્રથમ તો એમ કહે છે કે અજ્ઞાનને ત્યજી દેવું ( **त्यजेदज्ञाननिर्माल्यम्**- સ્કન્દ-૧૦) પછી સ્કન્દ ઉપનિષદ મનને નિર્વિષય બનાવવાનું કહે છે. ( **निर्विषयं मनः** સ્કન્દ-૧૧) તદુપરાંત તે સ્નાન અને બાહ્ય પવિત્રતાના ઉપાયોને એક પ્રતીકાત્મક રૂપ પણ આપીને તેનું નૈતિક સ્વરૂપ ઠરાવે છે. સ્કન્દ ઉપનિષદ કહે છે કે મનના મેલનો ત્યાગ કરવો તે સ્નાન છે અને ઇન્દ્રિયનો નિગ્રહ કરવો તે શૌચ છે.

( **स्नानं मनोमलत्यागः शौचमिन्द्रियनिग्रहः** ॥ સ્કન્દ-૧૧ )

મૈત્રાયણી ઉપનિષદ વિષયોની આસક્તિમાંથી મુક્ત થવાનો ઉપદેશ આપીને ઊંડી રીતે નૈતિકતા તરફ જ ભાર મૂકે છે. કામ, ક્રોધ, લોભ, મોહ, ભય, વિષાદ, ઈર્ષ્યા, ઇષ્ટનો વિયોગ, અનિષ્ટનો સંયોગ, ક્ષુધા, તૃષા, જરા, મૃત્યુ, રોગ ને શોકાદિનો આ શરીર પર પ્રહાર થાય છે. આ રીતે અનેક રાજસ ગુણોવિકાર ઉત્પન્ન કરે છે. મહા નદીઓમાં જેમ મોજાં હોય છે, તેમ ભૂતાત્માને પૂર્વનાં કર્મ હોય છે, જે તેણે અવશ્ય ભોગવવાનાં જ પડે છે. જેમ પશુને દોરડાથી બાંધવામાં આવે છે, તેમ સારાં નરસાં કર્મો વડે ભૂતાત્મા બંધાયેલો છે. કેદમાં પડેલા જંતુ (કેદી)ની માફક તે અસ્વતંત્ર છે. યમના રાજ્યમાં રહેતો હોય, તેમ તે અત્યંત ભયયુક્ત હોય છે. જેમ કોઈ મદિરાથી ઉન્મત્ત થયેલો હોય, તેમ તે સુખરૂપી મદિરાથી ઉન્મત્ત થયેલો હોય છે. નટની માફક ક્ષણે ક્ષણે વેષ બદલનારો હોય છે.

**शब्दस्पर्शादयो येऽर्था अनर्था इव ते स्थिताः ।**

**येषा सक्तस्तु भूतात्मा न स्मरेच्च परं पदम् ॥**

મૈત્રાયણી-૪-૧.

શબ્દ, સ્પર્શ વગેરે વિષયો અનર્થરૂપ છે, આમાં આસક્ત ભૂતાત્મા ક્યારેય બહાર નીકળી શકતો નથી અને પરમપદનું સ્મરણ કરી શકતો નથી. તો આ સંસારમાંથી મુક્ત થવાના ઉપાય પણ ઉપનિષદ જણાવે છે કે પોતાના ધર્મનું આચરણ કરવું અને અન્ય સર્વ ધર્મ સ્તંભની શાખા સમાન ગણવા. **स्वधर्मस्यानुचरणं स्वाश्रमेष्वेवानुक्रमणं स्वधर्म एव सर्वं धत्ते स्तम्भशाख वेतराण्यनेनोर्ध्वभारभवत्यन्यथाऽधः पतत्येष स्वधर्मोऽभिहितो ...... ह्याह ॥ मैत्रायणी-४-२**

જે પોતાના આશ્રમધર્મને પાળે છે તેને તપસ્વી કહે છે. જે તપસ્વી હોતા નથી તેને આત્મધ્યાનની પ્રાપ્તિ અર્થાત્ કર્મશુદ્ધિ થતી નથી. તપના યોગે ચારિત્ર્યની શુદ્ધિ થાય છે. ચારિત્ર્ય શુદ્ધ થવાથી મન પર કાબૂ મેળવાય છે. મનથી આત્મોપલબ્ધિ થાય છે. તથા આત્મસાક્ષાત્કાર થયા પછી તે સંસારના ફેરામાંથી નિવૃત્ત થાય છે.

तपसा प्राप्यते सत्त्वं सत्त्वात् संप्राप्यते मनः ।

मनसा प्राप्यते त्वात्मा ह्यात्मापत्त्या निवर्तते ॥

મૈત્રાયણી ૪-૨

કહ્યું છે કે જેમ લાકડાં વિના અગ્નિની શાંતિ પોતાની મૂળ પ્રકૃતિમાં [illegible] ક્ષય થવાથી ચિત્ત પોતાની મૂળ પ્રકૃતિમાં લય પામે છે. આથી મનુષ્યે [illegible] વિષયમાંથી વાળી બ્રહ્મમાં આસક્ત કરવું જોઈએ તો ક્યારેય બંધન પામતા નથી. મન એ જ મનુષ્યનાં બંધ અને મોક્ષનું કારણ છે. જો મન વિષયમાં આસક્ત થાય તો તે બંધનને પામે છે. તથા તે વિષયથી રહિત બને તો મુક્ત ભાવને પામે છે. અહીં ઋષિ મન પર કાબૂ [illegible] પર ભાર મૂકે છે.

मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः ।

बन्धाय विषयासक्तं मुक्तये निर्विषयं स्मृतम् ॥

મૈત્રાયણી ૪-૧૧

મૈત્રાયણી ઉપનિષદ મનુષ્યને મન પર કાબૂ મેળવવા સીધો નિર્દેશ કરે છે. મનથી આત્મોપલબ્ધિ થાય છે. જ્યારે મહોપનિષદના ચોથા અધ્યાયમાં ઋષિ કહે છે કે શાસ્ત્રો અને સજ્જનોના સમાગમપૂર્વક તપ અને ઇન્દ્રિયનિગ્રહ કરી પ્રજ્ઞામાં વૃદ્ધિ કરવી જોઈએ. પોતાની અનુભૂતિ, શાસ્ત્ર અને ગુરુ એ ત્રણેયમાં એકવાક્યતા જોઈ, તેનો નિરંતર અભ્યાસ કરવાથી આત્માનાં દર્શન થાય છે.

शास्त्रैः सज्जनसंपर्कपूर्वकैश्च तपोदमैः ।

आदौ संसारमुक्त्यर्थं प्रज्ञामेवाभिवर्धयेत् ।

स्वानुभूतेश्च शास्त्रस्य गुरोश्चैवैकवाक्यता

यस्याभ्यासेन तेनात्मा सततं चावलोक्यते ॥

મહોપનિષદ-૪-૪,૫

અહીં ઋષિ કહે છે કે મનુષ્ય જગતની ક્રિયાઓ ભલે કરે, પરંતુ આત્માની એકતા જાણીને શાંત મહાસાગર જેવો રહે.

મહોપનિષદ ભારપૂર્વક કહે છે કે તત્ત્વચિંતન વાસનાના તૃણને બાળી નાખે છે. આપણે જાણીએ છીએ કે જગતની અનૈતિકતાના મૂળમાં મનુષ્યની વાસના રહેલી છે અને મહોપનિષદ એ વાસનાને તત્ત્વજ્ઞાનના પાવકથી બાળી નાખવા પર ભાર મૂકી નૈતિકતા પર જ ભાર મૂકી રહેલું જણાય છે.

कोऽहं कथमिदं चेति संसारमलमाततम् ।

प्रविचार्य प्रयत्नेन प्राज्ञेन सह साधुना ॥

नाकर्मसु नियोक्तव्यं नानार्येण सहावसेत् ।

द्रष्टव्यः सर्वसंहर्ता न मृत्युरवहेलया ॥

મહોપનિષદ ૪-૨૧,૨૨

હું કોણ છું ? અને આ સંસારરૂપી મેલ કેવી રીતે ફેલાયો છે ? તેનો પ્રયત્નથી જ્ઞાની કોઈ સજ્જન સાથે ખૂબ વિચાર કરી બુદ્ધિમાન મનુષ્યે અકર્મોમાં જોડાવવું જોઈએ નહિ. અનાર્ય સાથે વસવાટ પણ ન કરવો જોઈએ અને સર્વનો સંહાર કરનારા મૃત્યુ તરફ બેદરકારીથી ન જોવું. માંસ, લોહી અને હાડકાંથી ખરાબ એવા આ શરીરનો ત્યાગ કરી પ્રકાશાત્મક રૂપે મોતીની માળામાં દોરાની પેઠે રહેલા માત્ર ચૈતન્યનાં જ દર્શન કરવાં જોઈએ.

વેદાન્તવિષયક ઉપનિષદો મનુષ્યને ઉદ્યોગી બનવા પ્રેરણા આપે છે. જેમ કે-

तण्डुलस्य यथा चर्म यथा ताम्रस्य कालिमा

नश्यति क्रियया विप्र पुरुषस्य यथा मलम् ॥

जीवस्य तण्डुलस्येव मलं सहजमप्यलम् ।

नश्यत्येव न संदेहस्तस्मादुद्योगवान् भव ॥

મહોપનિષદ.૫-૧૮૫, ૧૮૬

ચોખાનું ફોતરું અને તાંબાની કાળાશ જેમ ક્રિયાથી નાશ પામે છે, તેમ પુરુષનો મેલ ક્રિયાથી નાશ પામે છે. જીવ ચોખા જેવો છે, તેનો મેલ જો કે સ્વાભાવિક છે તો પણ એ પ્રયત્ન દ્વારા નાશ પામે જ છે એમાં સંદેહ નથી. માટે ઉદ્યોગી બનવું જોઇએ. ક્રિયાશીલ બનવું જોઇએ.

વેદાન્તવિષયક ઉપનિષદો મનુષ્યને વારંવાર વાસનાનો ત્યાગ કરવા જણાવે છે. જો વાસના અને વાસના કરનાર-એ બંનેનો પ્રાણની ચેષ્ટાપૂર્વક મૂળ સાથે સંપૂર્ણ રીતે ત્યાગ કરી વાસનાઓની સંપૂર્ણ પંક્તિઓને હૃદયમાંથી હાંકી કાઢવાથી તે વ્યગ્રતા વિનાનો બને છે, શાંત બને છે. આ દેહમય ભ્રમ રાત્રિના દુષ્ટ સ્વપ્ન જેવો છે. તેમાં સઘળું જ અપવિત્ર છે અને તેથી જ-તેને લીધે જ સંસારરૂપી ભ્રમણા દેખાય છે. ઋષિ અહીં સુંદર દૃષ્ટાંત આપે છે કે અધમ પુરુષ બાળપણમાં અજ્ઞાનથી ઘેરાયો હોય છે. જુવાનીમાં સ્ત્રીથી ઘેરાય છે અને પાકટ ઉંમરમાં એ સ્ત્રીની ચિંતાથી પીડાય છે.

**अज्ञानोपहतो बाल्ये यौवने वनिताहतः ।**

**शेषे कलत्रचिन्ताऽऽर्तः किं करोति नराधमः ॥**

મહોપનિષદ : ૬.૨૩

સંસાર જ દુઃખોના સીમાડાની હદ છે; અને તેની વચ્ચે દેહ પડેલો છે, તેથી દેહી ક્યારેય સુખી થાય જ નહિ આથી સુખી થવા માટે મનુષ્યે શરીરનો નહિ પરંતુ સંસારરૂપી દુઃખનો નાશ કરી જાગ્રત બની તેના મૂળરૂપી 'મન'નો નાશ કરવો જોઈએ. કારણકે મૂળરૂપી મન જ વાસનાઓરૂપી વટવૃક્ષને ઉછેર્યા કરે છે.

જગતની અનૈતિકતાના મૂળમાં મનુષ્યની વાસના રહેલી છે. અને વાસનાનું એક મોટું ઉદ્‌ભવસ્થાન સ્ત્રી છે. એમ આ ઉપનિષદની દૃઢ માન્યતા જણાય છે.

**कामनाम्ना किरातेन विकीर्णा मुग्धचेतसः ।**

**नार्यो नरविहङ्गानामङ्ग बन्धनवागुराः ॥**

મહોપનિષદ. ૩.૪૫

સર્વ દોષોનું મૂળ કારણ સ્ત્રી છે. સ્ત્રી પુરુષને દુઃખોની સાંકળમાં હંમેશા પકડી રાખે છે. **यस्य स्त्री तस्य भोगेच्छा ।** અહીં આપણે સ્ત્રીને સ્ત્રીરૂપે લેવાની જરૂર નથી. પણ સ્ત્રી એટલે

જાતીય ઇચ્છાનું મૂર્તિમંત સ્વરૂપ અને જાતીય ઇચ્છાને પ્રબળપણે પોષનારું તત્ત્વ. આ રીતે જો આપણે મહોપનિષદના સ્ત્રી વિશેના વિચારોને સમજીએ તો વાસનાના ઉદ્ભવસ્થાન તરીકે સ્ત્રીને સમજી શકાય. આવી વાસનાના ઉદ્ભવરૂપ સ્ત્રીને ત્યજવાથી મનુષ્ય સુખી બની શકે છે. મહોપનિષદ કહે છે કે સ્ત્રી એ જગત છે ને સ્ત્રીને છોડવી એટલે જગતને છોડવા બરાબર છે. અને જગતને છોડીને મનુષ્ય સુખી થઇ શકે છે. **स्त्रीयं त्यक्त्वा जगत् त्यक्तं जगत् त्यक्त्वा सुखी भवेत् । મહો. ૩-૪૮.**

ઇશાવાસ્ય ઉપનિષદમાં **"मा गृधः कस्यस्विद् धनम् ।"** એમ ઋષિ જે કહે છે એ જ વાતને વેદાન્તવિષયક ઉપનિષદમાં ઋષિએ વાસના, ભોગેચ્છા વગેરેનું નામ આપી તેના નિવારણના ઉપાયો પણ જણાવેલ છે. વાસના સર્વ અનર્થનું મૂળ છે. તેથી વાસનાનો મૂળમાંથી ત્યાગ કરવો. **निर्मूलं कलनां त्यक्त्वा वासनां यः शमं गतः । મહોપનિષદ ૬ ૪૬.** ઇશાવાસ્યની જેમ મહોપનિષદ પણ પરિગ્રહનો ત્યાગ કરવાનું કહે છે. આ મારું છે એવી ભાવનાને નિર્મૂળ કરવાનું ઉદ્બોધન મહોપનિષદ કરે છે. મહોપનિષદ સ્પષ્ટપણે કહે છે કે આ મારું છે એવી ઇચ્છા એ તીક્ષ્ણ શૃંખલા સમી છે અને દુઃખ, જન્મ તેમજ ભય આપનારી છે. આથી મારાપણાની ભાવનાનો ત્યાગ કરવો જોઇએ. (મહોપનિષદ, ૬-૫૧)

મહોપનિષદ અત્યંત વિશદ સ્વરે કહે છે કે મારા તારાની ભાવના નાના મનવાળાઓમાં હોય છે. જે મોટા મનવાળા છે અથવા ઉપનિષદનો જ શબ્દ વાપરીને કહીએ તો જે ઉદાર ચરિત છે તેમને માટે તો સમસ્ત પૃથ્વી કુટુંબ છે.

**अयं बन्धुरयं नेति कलना लघुचेतसाम् ।**

**उदारचरितानां तु वसुधैव कुटुम्बकम् ॥**

**મહોપનિષદ. ૬.૭૧**

અહીં વિશ્વબંધુત્વની ભાવનાને ઋષિએ જાણે સાર્થક કરી છે. તું તારા પાડોશી પ્રત્યે પ્રેમ રાખ, આદરભાવ રાખ. આ સગો છે અને આ સગો નથી આવી ગણતરી તો હલકા મનવાળાની છે, પરંતુ ઉદાર ચારિત્ર્યવાળાને તો આખી પૃથ્વી પોતાનું કુટુંબ છે. વિશ્વના બ્રહ્મ તત્ત્વ સાથે વ્યક્તિના આત્મ તત્ત્વનું અદ્વૈત સધાતાં નીતિમત્તાનું પણ સર્વોચ્ચ શિખર સર થાય છે. કારણ કે વ્યક્તિથી કશું ભિન્ન છે જ નહિ. તેથી તેનું વર્તન પણ તે જ પ્રકારનું રહેશે.

ક્યારેક ક્યારેક ઉપનિષદોમાં નિરૂપણ પામેલા તત્ત્વચિંતનનું પરીક્ષણ કરતાં જણાશે કે **सर्वं खलु इदम ब्रह्म** જેવા ગહન નીતિમત્તાના સિદ્ધાંતો પણ મળે છે.

**आत्मवत् सर्वभूतानि परद्रव्याणि लोष्ठवत् ।**

**स्वभावादेव न भयाद्यः पश्यति स पश्यति ।**

અન્નપૂર્ણા.૧ ૩૮

જે મનુષ્ય ભયથી નહિ, પરંતુ સ્વભાવથી જ સર્વ પ્રાણીઓને પોતાના જેવા જુએ અને પારકા દ્રવ્યને માટીના ઢેફાં સમાન જુએ તે જ (ખરું) જુએ છે.

ઉદાર ચરિતોને આખી પૃથ્વી શા માટે કુટુંબ જેવી લાગવી જોઈએ ? તેનું દાર્શનિક કારણ અન્નપૂર્ણા ઉપનિષદ આપે છે. ઉદાર ચરિતોને સમગ્ર પૃથ્વી એક કુટુંબ છે. એ એક નૈતિક વાક્ય થયું. **आत्मवत् सर्व भूतानि......** એ એક તાત્વિક ચિંતનાત્મક વાક્ય થયું. પણ આ તાત્વિક ચિંતનાત્મક વાક્ય **आत्मवत् सर्व भूतानि......** માં પણ ઊંડે ફલિતાર્થ તો નૈતિક બોધ છે એમ જોવું અઘરું નથી.

નૈતિકતાનો આડકતરી રીતે પણ ઉત્તમ રીતે સૂચન કરનાર બીજું એક ઉપનિષદ આપણને આ નવ્ય ઉપનિષદમાં મળે છે અને તે છે વજ્રસૂચિકોપનિષદ. વજ્રસૂચિકોપનિષદ ખાસ તો નોંધપાત્ર રીતે વર્ણ વગેરે જાતિગત વિભાવાનાને છોડી દેનારું અને મૂળ તત્ત્વ પર અને કે છેવટે નૈતિકતા પર ભાર મૂકનારું ઉપનિષદ છે. વજ્રસૂચિકોપનિષદ શરૂઆતમાં જ મૂળભૂત પ્રશ્ન ઉઠાવે છે કે ખરેખર બ્રાહ્મણ છે કોણ ? તેના જવાબમાં ઉપનિષદ કહે છે કે જીવ બ્રાહ્મણ નથી. તેમજ શરીર પણ બ્રાહ્મણ નથી. જીવનું તો એક જ રૂપ હોય છે તેથી તે બ્રાહ્મણ ન હોઈ શકે. શરીરનાં અનેક રૂપ હોય છે. તેથી તે પણ બ્રાહ્મણ નથી. તો પછી બ્રાહ્મણ છે કોણ ? એનો જવાબ વજ્રસૂચિકોપનિષદ આપે છે તે નૈતિકતા પર જ ભાર દેનારો જણાય છે : વજ્રસૂચિકોપનિષદ કહે છે કે જે જાતિ, ગુણ, ક્રિયા વગરનો છે. જે ષડૂર્મિ, ષડ્ભાવ વગેરે દોષો વગરનો છે, સત્ય, જ્ઞાન, આનંદ અનંત સ્વરૂપવાળો છે, કામ, રાગ વગેરે દોષ વગરનો છે, શમ, દમ, રાગ વગેરે દોષોથી યુક્ત છે, મત્સર, તૃષ્ણા, આશા, મોહ વગેરેથી જે રહિત છે, દંભ, અહંકાર વગેરેથી જેનું ચિત્ત સ્પર્શાયું નથી અને એવી રીતે જે વર્તે છે તે બ્રાહ્મણ છે.

**एवं उक्तलक्षणो यः स एव ब्राह्मणः ।**

વજ્રસૂચિ. ૯

એમ વજ્રસૂચિકોપનિષદ સ્પષ્ટપણે કહે છે. તે વળી બીજી રીતે પણ બ્રાહ્મણતત્ત્વની નૈતિકતાની વિભાવના પર ભાર મૂકતાં નકારાત્મક રીતે કહે છે **अन्यथा हि ब्राह्मणत्व**

**सिद्धिर्नास्ति एव ।** તો અહીં આપણે એમ કહીશું કે વજ્રસૂચિકોપનિષદ એ ઉન્નતતર કક્ષાએ નૈતિક મૂલ્યોનો પ્રતિઘોષ કરી રહ્યું છે. શમ, દમ વગેરેથી સંપન્ન થવું, કામ, રાગ વગેરે દોષોથી મુક્ત થવું તે નૈતિકતા નહિ તો બીજું શું ? જન્મથી કે સંસ્કારથી માણસ બ્રાહ્મણ નથી ગણાતો એવી વાત કરવી તે નૈતિકતા નથી તો બીજું શું ?

આ જ પ્રમાણે શારીરક ઉપનિષદ આમ તો શરીરની મીમાંસા કરે છે. શરીર પંચમહાભૂતોનું બનેલું છે એમ આ ઉપનિષદ કહે છે. પછી શ્રોત્ર વગેરે જ્ઞાનેન્દ્રિયોની તેમજ ચાર અંતઃકરણોની તેમજ શરીરના અવયવોની મીમાંસા કર્યા પછી આ ઉપનિષદ 'ગુણત્રય'નો ઉલ્લેખ કરે છે. આ ગુણત્રયની ગણનામાં ભારતીય તત્ત્વ દર્શનમાં જાણીતું છે કે સત્ત્વ, રજસ્, તમસ્ ની જ વાત આવે. એટલે સત્ત્વ, રજસ્ અને તમસ્ ની ગણનામાં સીધી રીતે કદાચ કોઈને નૈતિકતા ન પણ દેખાય. પણ સત્ત્વ, રજસ્ અને તમસ્ એ એમાં ગણના પામતા ગુણોનું તારતમ્ય દર્શાવીને ઉપનિષદ આડકતરી રીતે એમ જ કહેવા માગતું હોય છે કે સત્ત્વ ગુણો છે તે આચરણીય છે અને તામસી ગુણો છે તે ત્યાજ્ય છે. આવું સૂચન કરતાં આવા ગુણોની ગણનામાંથી આ ઉપનિષદમાંથી નૈતિકતા ફલિત થાય છે. એની કોઈપણ ના પાડી શકે. આ ઉપનિષદ સત્ત્વ ગુણોમાં અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, અક્રોધ, ગુરુસેવા, પવિત્રતા, સંતોષ, સરળતા, નિરભિમાનીપણું, નિષ્કપટતા, આસ્તિકતા, અહિંસકતા (શારીરક. ૮,૯) વગેરેનો સમાવેશ થાય છે. તો આ ગુણોનો મહર્ષિ જીવનમાં ઉત્કર્ષ સાધવો જોઈએ. કારણકે આ ઉપનિષદ પોતે જ આગ્રહ કરે છે. **उक्तैं सात्त्विकं** (શારીરક : ૧૨) તે જ પ્રમાણે નિદ્રા, આળસ, મોહ, રાગ, મૈથુન, ચોરી વગેરેને આ ઉપનિષદ તામસી ગુણો કહે છે (શારીરક : ૧૧). આ ઉપનિષદ આ ગુણોને अधस्तामसः એમ કહે છે. એટલે આ ગુણોનો પરિત્યાગ કરવો જોઈએ એમ આ ઉપનિષદ આડકતરી રીતે કહે જ છે અને તે નૈતિક મૂલ્યોનો જ બોધ કરાવે છે.

આપણે હમણાં જ નોંધ્યું તે પ્રમાણે તત્ત્વચિંતન અને નૈતિક મૂલ્યો એ બંનેનું આ ઉપનિષદમાં પ્રકારાંતરે સંયોજન થયું છે અને તેથી આ જ નૈતિક મૂલ્યોનો બોધ છે એમ કહેવું અઘરું થઈ જાય છે. છતાં પણ નૈતિક મૂલ્યોનો સ્પષ્ટપણે ઉલ્લેખ જોવો હોય તો આ ઉપનિષદની ફલશ્રુતિમાં છે.

મુદ્ગલોપનિષદની ફલશ્રુતિમાં ઋષિ જણાવે છે.

**य एतदुपनिषदं नित्यमधीते सोऽग्निपूतो भवति । स वायुपूतो भवति । स आदित्यपूतो भवति । अरोगो भवति । श्रीमांश्च भवति । पुत्र पौत्रादिभिः समृद्धो भवति । विद्वांश्च भवति । महापातकात् पूतो भवति । सुरापानात् पूतो भवति । अगम्यगमनात् पूतो भवति । मातृगमनात् पूतो भवति । दुहितृस्नुषाभिगमनात् पूतो भवति । स्वर्णस्तेयात् पूतो**

भवति । वेदोजन्महानात् पूतो भवति । गुरोरशुश्रूषणात् पूतो भवति । अयाज्ययाजनात् पूतो भवति । अभक्ष्यभक्षणात् पूतो भवति । परदारगमनात् पूतो भवति । सर्वेभ्यः पापेभ्यो मुक्तो भवति ।

મુદ્ગલ-૪-૧૦

મુક્ત પુરુષો અનૈતિક કશું કરી શકતા નથી. પરંતુ એવું બની શકે કે બ્રહ્મજ્ઞાન થયા પૂર્વે તેઓ અનૈતિક વલણ કરતા હોય, પરંતુ બ્રહ્મજ્ઞાન થતાં મોક્ષ મળતાં તેઓએ જે કંઇ અનૈતિક કર્યું હોય તેમાંથી તેમને મોક્ષ મળે છે, છૂટકારો મળે છે. તેમણે મોટાં પાપ કર્યાં હોય, આચરણ ન કરવા જેવાનું આચરણ કરવાથી જે પાપ લાગે છે તેમાંથી તેઓ પવિત્ર થાય છે અને મુક્ત બને છે. બ્રહ્મજ્ઞાન થયા પછી જ્ઞાનીમાં વિવેકબુદ્ધિ હોવાને કારણે તે આવા પ્રકારનાં પાપ કરતો નહિ હોય, પરંતુ બ્રહ્મજ્ઞાન પૂર્વે જો તેણે આવા પ્રકારના પાપ કર્યાં હોય તો તેમાંથી તે મુક્ત બને છે. બ્રહ્મજ્ઞાની માતા પાસે ગમન કરવાથી (સહશયન કરવાથી) જે પાપ થાય છે તેમાંથી પવિત્ર થાય છે. વળી, બહેન, સાળી પ્રત્યે ગમન કરવાથી જે પાપ લાગે છે તેમાંથી બ્રહ્મજ્ઞાની પવિત્ર થાય છે. આ રીતે આપણને આ ઉપનિષદ નૈતિકતાનો બોધ કરાવે છે.

વળી પૈંગલોપનિષદમાં એમ કહેવામાં આવ્યું છે કે જ્યાં સુધી જન્મમૃત્યુના નિવારણ ન થાય ત્યાં સુધી ગુરુની પૂર્ણ પ્રેમથી સેવા કરવી. ગુરુની જેમ ગુરુપત્ની પ્રત્યે ગુરુની જેમ વર્તન કરવું.

यावच्चोपाधिपर्यन्तं तावच्छुश्रूषयेद्गुरुम् ।

गुरुवद्गुरुभार्यायां तत्पुत्रेषु च वर्तनम् ॥

પૈંગલ-૪-૧૧

અહીં સ્પષ્ટ છે કે જ્યાં સુધી ગુરુના આશ્રમમાં રહી બ્રહ્મપ્રાપ્તિનું જ્ઞાન ન થાય, ત્યાં સુધી ગુરુના પત્ની પ્રત્યે માતા-પુત્ર જેવો સંબંધ રાખવો અર્થાત્ નૈતિક જીવન જીવવું. પૈંગલોપનિષદના અંતે ફલશ્રુતિમાં એમ કહેવામાં આવ્યું છે કે-આ ઉપનિષદનું નિત્ય અધ્યયન કરનાર મુમુક્ષુ પંક્તિપાવન બને છે. બ્રહ્મહત્યા, સુરાપાન, સુવર્ણની ચોરી અને ગુરુની પથારીમાં ગુરુપત્ની સાથેના શયન કરવાથી જે પાપ લાગે છે તેમાંથી પવિત્ર થાય છે.

ब्रह्महत्यासुरापानस्वर्णस्तेयगुरतल्पगमनतत्संयोगिपातकेभ्यः पूतो भवति ।

પૈંગલ.૪.૨૯

ઉપનિષદકાલીન સમાજમાં શિષ્યોને ગુરુને ત્યાં લાંબો સમય રહેવાનું થતું અને તેમાંથી આ વિકૃતિ ઉત્પન્ન થતી હશે એટલે આવી ફલશ્રુતિ તત્કાલીન સમાજમાં પ્રવેશેલા અનિષ્ટનું પણ પ્રતિબિંબ પાડે છે. ઉપનિષદ પોતે તો આ અનૈતિકતામાંથી મુક્ત થવાનો અને એ રીતે નૈતિકતાનો બોધ કરે છે. તેથી જ ઉપનિષદના ઋષિઓને ઉપનિષદના અંતે આમ કહેવું અભીષ્ટ લાગ્યું હોય. બ્રહ્મજ્ઞાન પૂર્વે પુરુષ આવા પ્રકારના અનૈતિક પાપાચાર આચરતો હશે. અહીં આપણને ઉપનિષદકાલીન સમાજવ્યવસ્થાના પણ દર્શન થાય છે. ઉપનિષદના ઋષિઓએ, ઉપનિષદના અધ્યયનની ફલશ્રુતિમાં જ કહ્યું છે કે આવા દરેક પ્રકારના પાપમાંથી મુક્તિ તો ઉપનિષદના અધ્યયનથી જ મળી શકે.

ઉપનિષદ એ રહસ્યવિદ્યા છે. આ ગૂઢ વિદ્યા સહેજ પણ કોઈને કહેવી નહિ. **सैषा सावित्रीविद्या न किंचिदपि न कस्मै चित् प्रशंसयेत् ।** (સૂર્ય. ૬)સૂર્યોપનિષદમાં એમ કહેવામાં આવ્યું છે કે જે મહાભાગ્યશાળી સવારે આ ઉપનિષદનું અધ્યયન કરે છે તે ભાગ્યશાળી બને છે. મહામૃત્યુને તરે છે, મહાવ્યાધિમાંથી મુક્ત બને છે. તેની અલક્ષ્મી નાશ પામે છે. અને પાંચ મહાપાપોમાંથી મુક્ત બને છે.

આવા ગૂઢ રહસ્યમય જ્ઞાનના સંપ્રદાનની વિધિ પણ ઉપનિષદમાં નિર્દિષ્ટ છે.

આવી વિધિનો નિર્દેશ કરવા પાછળનો ઋષિનો હેતુ એ છે કે જ્ઞાન ગમે તેવી અયોગ્ય વ્યક્તિના હાથમાં જઈને તેને કે સમાજને જોખમરૂપ ન થઈ પડે (આ વાત આજે પણ પ્રસ્તુત છે) માટે અન્નપૂર્ણા ઉપનિષદ કહે છે :

**वेदान्ते परमं गुह्यं पुराकल्पप्रचोदितम् ।**

**नाप्रशान्ताय दातव्यं नापुत्रायाशिष्याय वै पुनः ॥**

અન્નપૂર્ણા ૫ ૧૧૯

જે શાંત એટલે કે સંયમી નથી, જે પોતાનો પુત્ર નથી, કે શિષ્ય નથી તેને આ જ્ઞાન કદી આપવું નહિ.

આમ, જોઈ શકાશે કે ગુરુ માટે પુત્ર અને શિષ્ય બહુ જ વિશ્વસનીય વ્યક્તિઓ હોય છે. અને એટલે જ ગુરુ પોતાનું જ્ઞાન અયોગ્યના હાથમાં ન જાય તેની કાળજી રાખે છે. ઉપનિષદ તે પ્રમાણે કહે છે. આવું જ સુબાલોપનિષદ કહે છે.

**सौबालबीजब्रह्मोपनिषन्ना प्रशान्ताय दातव्या नापुत्राय नाशिष्याय नासंवत्सररात्रोषिताय नापरिज्ञातकुलशीलाय दातव्या नैव च प्रवक्तव्या ।**

સુબાલ.૧૦.૧

પણ, પુત્ર ન હોય કે શિષ્ય ન હોય તેને જ્ઞાન નહિ આપવાની વાત કરીને ઉપનિષદો નૈતિકતા પર ભાર મૂકી રહ્યા છે એમ સ્પષ્ટ જણાઈ આવશે.

જેને બ્રહ્મનું જ્ઞાન થયું છે તેવા મુક્ત પુરુષો અનૈતિક કશું જ કરી શકતા નથી. એટલે રૂઢિગત ધોરણો, બાહ્ય ફરજો અને નૈતિક નિયમો આવા જ્ઞાની માટે નિરર્થક છે. વિશ્વના બ્રહ્મ તત્ત્વ સાથે વ્યક્તિના આત્મતત્ત્વનું અદ્વૈત સધાતાં નીતિમત્તાનું પણ સર્વોચ્ચ શિખર સર થાય છે. જયાં "**सर्वं खलु इदम् ब्रह्म**"નો અનુભવ થાય ત્યારે વ્યક્તિથી કશું ભિન્ન છે જ નહિ તેથી તેનું વર્તન પણ તે જ પ્રકારનું રહેશે. જેની પાસે આધ્યાત્મિક જ્ઞાન હોય છે તેના ભૂતકાળમાં કરેલાં બધા જ પાપ નાશ પામે છે. એમ વેદાંતવિષયક ઉપનિષદોની ફલશ્રુતિનો અભ્યાસ કરવાથી કહી શકાય. ઉપનિષદોનું આ આધ્યાત્મિક જ્ઞાન તો પરમતત્ત્વનો સાક્ષાત્કાર કરાવે છે અને એ સાક્ષાત્કાર તો હૃદયથી શુદ્ધ અને પવિત્ર હોય તેને જ થાય છે. કાયદા - કાનૂનો એવાં મનુષ્યો માટે છે જેઓ પોતાના અંતરાત્માના અવાજને અનુસરતા નથી. જેણે પોતાના અંતરાત્માના અવાજને અનુસર્યો છે તેવા બ્રહ્મજ્ઞાનીને બહારનું દબાણ ન હોવાથી તેની આંતરિક પરિણતી થાય છે. એટલે રૂઢિગત ધોરણો, બાહ્ય ફરજો અને નૈતિક નિયમો આવા જ્ઞાની માટે નિરર્થક છે.

બીજી રીતે પણ ઉપનિષદોમાં નીતિમત્તાની ભાવનાને પોષક એવો ઉપદેશ નથી એવું નથી. સુબાલોપનિષદમાં સત્ય, દાન, તપ અને વૈરાગ્ય એ ચાર વડે બ્રહ્મનો સાક્ષાત્કાર થાય છે અને આ ચારેય દમ, દાન અને દયા ત્રણેય વડે સિદ્ધ કરી શકાય છે. આ બધા બ્રહ્મને પ્રાપ્ત કરવાના સાધનો છે. બૃહદારણ્યક ઉપનિષદ (૫.૨)માં આવી જ એક સરસ બોધકથા મળે છે. પ્રજાપતિના ત્રણ પુત્રો દેવો, માનવો અને દાનવો પાસે વિદ્યાર્થીઓ તરીકે રહ્યા. આ ત્રણેને પ્રજાપતિએ **द** અક્ષર કર્યો. દેવો **द**નો અર્થ **दम्यत** સંયમ રાખો એમ સમજયા. તો મનુષ્યો એ **दत्त** એટલે દાન આપો એવો અર્થ અને દાનવોએ **दयध्वम्** દયા રાખો એવો અર્થ ગ્રહણ કર્યો. આજે પણ આ દૈવી અવાજ વાદળોની ગર્જના દ્વારા કહે છે. **द द द इति दम्यत दत्त दयध्वम् इति ।** આમ, ઉપનિષદોમાં નૈતિક મૂલ્યોનો બોધ પણ મળે છે. તત્ત્વચિંતક કાન્ટે નૈતિકતા વિશે લખ્યું છે Morality is not properly the doctrine, the doctrine, how we may make ourselves happy, but how we may make ourselves worthy of happiness. આ સિદ્ધાંત લક્ષમાં રાખીએ તો ઉપનિષદો સુખી બનવાની લાયકાતો કેળવવામાં અત્યંત મદદરૂપ થાય છે.

બીજા કેટલાકના મંતવ્ય પ્રમાણે પરમતત્ત્વની ઉપાસના થતી હોવાથી આ દુનિયા પ્રત્યે દુર્લક્ષ સેવવામાં આવે છે. પણ તેથી ઉપનિષદો મહદ્ અંશે નિરાશાવાદી નથી. વિન્ટરનિટ્ઝ કહે છે, "The doctrine of the Upanisads is at bottom not pessimistic."[5]

ઉપનિષદો નિરાશાવાદી નથી એટલું જ નહિ પણ ભરપૂર આનંદનો ઉદ્‌બોધ કરનારા છે. આપણે જાણીએ છીએ કે બ્રહ્મનું એક સ્વરૂપ લક્ષણ આનંદ છે. **आनन्दं ब्रह्म** એમ કહેવામાં આવ્યું છે. તૈત્તિરીય ઉપનિષદમાં બ્રહ્મની વ્યાખ્યા જ આનંદથી બાંધવામાં આવી છે. આનંદથી જ બધા પ્રાણીઓ જન્મે છે, આનંદથી જન્મેલાં જીવે છે, આનંદમાં જાય છે, પ્રવેશે છે. **आनन्दाद्ध्येव खल्विमानि भूतानि जायन्ते । आनन्देन जातानि जीवन्ति । आनन्दं प्रयन्त्यभिसंविशन्तीति ।**

તૈત્તિરીય. ૩ ૬.

આમ, આનંદ એ જ સૌથી મોટી ઉપનિષદોમાં નિરૂપાયેલી નૈતિકતા છે.

*****

## પાદટીપ :

### પ્રકરણ :- ૬

1) A. B. Keith
The Religion and Philosophy of the Vedas and Upanishads
Page 584

2) M. Winternitz
The Thirteen Principal Upanishads
Page 60

3) R. E. Hume
The Thirteen Principal Upanishads
Page 60

4) મહોપનિષદનો આ શ્લોક પેલા વિખ્યાત શ્લોકનું જ પઠાન્તર છે. આ વિખ્યાત શ્લોક આ પ્રમાણે છે :

> अयं निजः परो वेति गणना लघुचेतसाम् ।
> उदारचरितानां तु वसुधैव कुटुम्बकम् ॥

એ કહેવું અઘરું છે કે આ શ્લોકની અસર મહોપનિષદ પર છે કે મહોપનિષદનો પ્રભાવ આ શ્લોક પર છે.

5) M. Winternitz
A History of Indian Literature
Vol.I, Part 1
Page 23

*****